૩૯

આદર્શ નિવાસી શાળાઓ ધોરણ ૯ થી ૧૨
સામાન્ય પ્રવાહ પૈકી ધોરણ-૯ શરૂ કરવા
વર્ષ ૨૦૧૮-૧૯ માટે નવી બાબતને
વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અનશ/૧૦૧૭/૬૬૭૬૯-(નબા-૫૭)/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૯/૪/૨૦૧૮

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૩૧-૧-૨૦૧૮ ના પત્ર ક્રમાંકઃ-અજાક/ગ-૧/૨/૨૦૧૭-૧૮/૧૦૩૨

ઠ રા વઃ-

રાજ્યમાં અનુસૂચિત જાતિના ધોરણ-૯ થી ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી /વિદ્યાર્થીનીઓને રહેવા, જમવાની મફત સુવિધા મળી રહે તે હેતુથી આદર્શ નિવાસી શાળાઓ ધોરણ ૯ થી ૧૨ સામાન્ય પ્રવાહ પૈકી ધોરણ-૯ શરૂ કરવા બાબતે વર્ષ ૨૦૧૮-૧૯ માટે નવી બાબત વંચાણે લીધા ક્રમ-૧ પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૩૧-૧-૨૦૧૮ ના પત્રથી રજુ કરવામાં આવેલ છે.પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે આદર્શ નિવાસી શાળાઓ ધોરણ ૯ થી ૧૨ સામાન્ય પ્રવાહ પૈકી ધોરણ-૯ શરૂ કરવા કરવા (૧) આદર્શ નિવાસી શાળા (કુમાર), પાટણ (૨) આદર્શ નિવાસી શાળા (કુમાર), બરવાળા, (૩) આદર્શ નિવાસી શાળા (કન્યા), અમરેલી તથા (૪) આદર્શ નિવાસી શાળા (કન્યા), સુરત તેમ કુલ ૪(ચાર) સરકારી આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૯ થી ૧૨(સામાન્ય પ્રવાહ) પૈકી ધોરણ-૯નાં વર્ગો શરૂ કરવા માટે નીચેના કોઠામાં ક્રમ-૧ થી ૩માં દર્શાવ્યા મુજબની કુલ-૧૬ નવી જગ્યાઓ ઉભી કરવા, ક્રમ-૪ મુજબની કુલ-૪ જગ્યાઓ માસિક રૂ.૩૫૦૦/-ના પગારથી કરાર આધારિત ભરવા તથા ક્રમ-૫ અને ૬ની જગ્યાઓની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧/૦૪/૨૦૧૦ના પરિપત્રની જોગવાઇ આઉટસોર્સીંગથી મેળવવાની મંજુરી આપવામાં આવે છે. તથા અન્ય રીકરીંગ/નોન રીકરીંગ ખર્ચ મળી કુલ-રૂ.૧૬૮/- લાખની જોગવાઇ મંજુર રહેલ હોઇ, વર્સઃ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે માંગણી નં.૯૫,મુખ્ય સદર-૨૨૨૫-૦૧-૨૭૭-૧૭ બજેટ હેડ હેઠળ થયેલ જોગવાઇ કુલ રૂ.

૧૬૮/- લાખ (અંકે રૂપિયા એક કરોડ અડસઠ લાખ પુરા) ને નીચેની નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| અ નું.નં | હોદ્દો | સૂચિ જગ્યાની સંખ્યા | જગ્યાનું પગાર ધોરણ ફિકસ પગાર (રૂ.) |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | આચાર્ય,વર્ગ-૨ | ૪(શાળાદીઠ-૧) | ૯૩૦૦-૩૪૮૦૦,ગ્રેડ પે-૪૬૦૦,લેવલ-૮ |
| ૨ | મદદનીશ માજ કલ્યાણ ધિકારી,વર્ગ-૩ | ૪(શાળાદીઠ-૧) | ૯૩૦૦-૩૪૮૦૦,ગ્રેડ પે-૪૪૦૦,લેવલ-7 (ફિકસ પગાર રૂ.૩૮૦૯૦/-) |
| ૩ | મદદનીશ ક્ષક,વર્ગ-૩ | ૮(શાળાદીઠ-૨) | ૯૩૦૦-૩૪૮૦૦,ગ્રેડ પે-૪૨૦૦,લેવલ-6 (ફિકસ પગાર રૂ.૩૧૩૪૦/-) |
| ૪ | કોમ્પ્યુટર શિક્ષક | ૪(શાળાદીઠ-૧) | માસિક રૂ. ૩૫૦૦/- કરાર આધારિત |
| ૫ | ચોકીદાર | | આઉટસોર્સીંગથી |
| ૬ | પટ્ટાવાળા | | આઉટસોર્સીંગથી |
| | કુલ | ૨૦ | |

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૮-૧૯ ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૨/૨૦૧૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા. ૪/૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતો-વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી પ્રમાણે છે કે કેમ? તે અંગેની ખાતરી કરી લેવાની રહેશે.

(૮) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૩/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦ (પા.ફા) ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો-વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે

(૯) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૦) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૧) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૨) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે

(૧૩) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો-વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પૂરી થતાં પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યાઓ વધુ સમય માટે ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તારીખ-૨૮-૦૩-૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નકલ રવાના:-
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર

નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
સંબંધિત નાયબ નિયામકશ્રી, અજાક, ની કચેરી (નિયામકશ્રી,અજાક, મારફત)
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) (નિયામકશ્રી,અજાક, મારફત)
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી,અજાક, મારફત)
સે.અ.શ્રી, બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
સે.અ.શ્રી, કો.સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.